## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પેલો એવુ કહે છે કે...મારી વાઇફનાં હાથમાં ફોન આવે ત્યાં સુધી તને પ્રેમ કરીશ... તો હું ચાલુ રાખુ કે નહી...!!

# સેકટર-૨૯ કટ પાસે સ્કુલવાને બાઈકને ટકકર મારતા આશાસ્પદ યુવકનું મૃત્યુ

**અકસ્માત સર્જીને બાળકો ભરેલી વાન લઈ ડ્રાઈવર ભાગ્યો, નાગરીકોએ પીછો કરી પકડી પાડ્યો, વાનમાં રહેલા બાળકોએ ચીસાચીસ કરી મુકી, યુવક કોલેજથી ઘરે પરત જતો હતો.**

ગાંધીનગર, તા.૨૫

શહેરના ચ-૬ થી ચ-૭ તરફ જતા માર્ગ પર સેકટર-૨૯ કટ પાસે સ્કુલવાન ચાલકે ગફલતભરી રીતે વાન હંકારી બાઈક ચાલક યુવકને ટક્કર મારતા ગંભીર ઈજાને પગલે રાહદારીઓએ વાનનો પીછો કરતા બાળકો ભરેલી વાન રેઢી મુકી તે ડ્રાઈવર પલાયન થઈ ગયો હતો. જયારે વાનની અંદર રહેલા નાના ભુલકાઓએ ચીસાચીસ કરી રોકકળ કરી મુકી હતી. જો કે પીછો કરી રહેલા જેટલો સમય થયો છે. ત્યારે આડેધડ બાળકો ભરીને શહેરના અને સેકટરના માર્ગો પર સ્કુલવાન દોડાદોડી કરતી હોય છે. ત્યારે આજે સ્કુલવાનમાં બાળકોને ભરીને દોડતા વાનના ચાલકે સેકટર-૨૯ વાઘેલા સેકટર-૧૫ની કોલેજમાં બી.કોમ ના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. ત્યારે કોલજથી યુવક બાઈક લઈને પરત જઈ રહ્યો હતો. તે સમયે અગીયાર વાગ્યાના અરસામાં સેકટર-૨૯ કટ પાસે હતો. જેથી અંદર બેઠેલા બાળકોનો જીવ પણ તાળવે ચોંટ્યો હતો અને ચીસાચીસ કરી મુકી હતી. જો કે અકસ્માત કરીને ભાગી રહેલા વાનનો રાહદારીઓ પીછો કરતા તે આગળ જઈને બાળકો સાથેની વાન રેઢીયાળ









આશાસ્પદ યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયુ હતું. સ્કુલવાન ચાલક અકસ્માત સર્જીને પણ માનવતાની દ્રષ્ટિએ પણ ઉભો રહ્યો નથી અને નાના છોકરાઓ બેસાડેલા હોવા છતા વાન સેકટરના આંતરીક માર્ગો પર દોડાવી મુકી હતી. જયારે નાગરીકોએ સ્કુલવાનના ચાલકને પકડી પાડ્યો હતો. ત્યારે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં શાળાઓ ખુલ્યાને પખવાડીયા કટ પાસે બાઈકને ટક્કર મારી હતી. બાઈક સાથે નીચે ઘસડાતા આશાસ્પદ યુવકનું ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. મળતી વિગત મુજબ આજ સવારે સાદરા ગામનો ૨૧ વર્ષિય યુવક જૈમિન મહેશભાઈ પુરપાટ ઝડપે આવતી સ્કલુ વાને બાઈકને ટકકર મારી હતી. જેથી જૈમિન રોડ પર પટકાતા ગંભીર ઈજાને પગલે મૃત્યુ થયુ હતું. અકસ્માત બાદ ઉભા રહેવાની જગ્યાએ બાળકો ભરેલી વાન વધુ ઝડપે દોડાવી ચાલક ભાગી રહ્યો મુકીને જઈ રહ્યો હતો તે સમયે નાગરીકોએ તેને પકડી પાડયો હતો. ત્યારે શહેરમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરી આડેધડ બાળકો બેસાડી દોડા દોડી કરતા સ્કુલવાન ચાલકો સામે તંત્રએ લાલ આંખ કરવાની તાતિ જરુયીતા ઉભી થઈ છે.

## ખૂણેખાંચરેથી

● શાળા પ્રવેશોત્સવના ત્રીજા અને અંતિમ દિવસે કલોલ અને દહેગામમાં કુમાર કરતાં કન્યાઓએ વધુ પ્રવેશ મેળવ્યો હતો.

● અમીયાપુરમાં શાળા પ્રવેશોત્સવ માટે ગયેલા મુખ્ય સચિવ શાળાના ગેટ પર પહોંચ્યા ત્યારની ફોટોગ્રાફીની કોપી તેઓ સ્ટેજ પર બેઠા ત્યારે આપી તેમનુ સ્વાગત કરાતાં તેઓ પ્રસન્ન થયા હતા અને અભિનંદન પાઠવ્યા હતા.

● હવે ઈ.મેમો નહિ ભરનારાને પોલીસ એસ.એમ.એસ. કરશે.

● જિલ્લાની ૯૨ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અંગેની મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરી દેવાઈ છે.

● ગાંધીનગર શહેર જિલ્લામાં વરસાદની લોકો ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. ગરમીનો પારો હજુ ઘટવાનું નામ લેતી નથી અને બાફ વધી રહ્યો હોવાથી લોકો ત્રાહિમામ્ છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પાણીના પ્રશ્નો વધ્યા છે.

● ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવમાં ૧૦૦થી વધુ મહાનુભાવોએ હાજરી આપી.

● ગાંધીનગર મનપામાં ૪૦ ટકા જેટલા મિલ્કત ધારકોએ આજ સુધીમાં એડવાન્સ ટેક્સ ભરી દીધો છે.

● કુડાસણ, સરગાસણ, ભાટમાં ગટરો ઉભરાવવાની ફરિયાદો પછી પણ મનપાનું તંત્ર નિંદ્રાધીન રહેતાં લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

## દોલારાણા વાસણા શાળામાં પ્રવેશોત્સવ પ્રસંગે દાતા તરફથી ૪૨૦૦૦ ભેટનુંદાન



ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળામાં યોજાઈ રહેલા કન્યા કેળવણી અને પ્રવેશોત્સવની ઉજવણી અંતર્ગત ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણા ખાતે ગામના અગ્રણી અજયસિંહ હિંમતસિંહ રાઠોડ (આણંદ) તરફથી ધો. ૧ થી ૮ ના બાળકોને સ્કૂલબેગ, નોટબુકો, ચોપડા વગેરે કુલ ૪૨૦૦૦ની કિંમતની શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને પી.એસ.આઈ. દિલિપસિંહ કનુસિંહ રાઠોડ તરફથી સ્માર્ટ ટી.વી. શાળાને ભેટ આપવામાં આવ્યું હતું. આ દાતાઓને વાલીઓ, ગ્રામજનો અને રાજપૂત યુવક મંડળ તરફથી બંને દાતાઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

# રાંદેસણની પરણિતાએ પંખે લટકી જીવનલીલા સંકેલી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલા રાંદેસણ ગામની પરિણિતાએ લગ્નજીવનના માત્ર ટુંકાગાળામાં જ અગમ્ય કારણોસર ઘરમાં પંખે લટકીને જીવનલીલા સંકેલી લીધી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરતા પ્રાથમિક તપાસમાં લગ્નના ગણતરીના મહિનાઓ થયા હોવા છતા પતિ દરરોજ મોડીરાત સુધી ઘરે પરત નહી ફરતા દંપતિ વચ્ચે રકઝક થતી હતી. એકાદ માસ પહેલા પણ ઝગડો થતા પરિણિતાએ આપઘાત કરી લેવાની ચિમકી તેના પતિને આપી હતી. સમગ્ર કેસની વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક ચલાવી રહ્યા છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વાસણા રાઠોડ ગામના રાજેન્દ્રસિંહ બિહોલાની બંને દિકરીના લગ્ન ગત તા.ત ૪-૨-૨૨ ના રોજ રાંદેસણ ગામના કરણસિંહ વાઘેલાના બંન્ને દિકરા સાથે એક જ સાથે થયા છે. બે બહેનો પૈકી મોટી દિકરી કામિનીબા ઉર્ફે કોમલના લગ્ન મયુરસિંહ જોડે અને નાની દિકરી જાનકીબાના લગ્ન હાર્દિકસિંહ સાથે થયા હતા. લગ્ન બાદ બંન્ને બહેનો સાસરી રાંદેસણ ખાતે રહેતી હતી.જયારે કામિનીબાને પતિ મયુરસિંહ કુડાસણ ખાતે બુલેટ મોડીફિકેશનનો વેપાર કરે છે. નવા લગ્ન જીવન દરમિયાન પણ મોડીરાત સુધી ઘરે પરત ફરતા ન હતા. ત્યારે જીદ્દી સ્વભાવના કામિનીબાને પતિ દરરોજ ઘરે મોડે આવે તે ગમતું ન હતું.જેથી બંને વચ્ચે નાની મોટી બોલાચાલી થતી રહેતી હતી. ત્યારે ઘરે મોડા આવવાની વાત પર અગાઉ પણ રકઝક થતા કામિનીબાએ આપઘાત કરી લેવાની ચિમકી મયુરસિંહને આપી હતી. તે સમયે મયુરસિંહ બોલ્યા હતા કે આવું કઈ કરતી નહી હું ફસાઈ જઈશ. ત્યારે ગુરુવારે રાત્રે મયુરસિંહ ફરી પાછા મોડીરાતે ઘરે ગયા હતા અને જમી પરવારીને ડ્રોઈગ રૂમમાં લેપટોપ લઈને કામ કરવા લાગ્યો હતો. તો બીજીતરફ કામિનીબા રૂમમાં એકલી સુઈ ગઈ હતી. મયુરસિંહ રૂમમાં કુલર ચાલુ હોવાથી સોફા પર જ સુઈ ગયા હતા.સવારે ચા નાસ્તો કર્યા પછી દેરાણી એટલે કે કામિનીબાની નાની બહેન રૂમમાં ગઈ હતી.જયાં મોટી બહેનને પંખે લટકતી જોઈ બુમાબુમ કરી મુકી હતી. હોહા થતા પરિવાજનો પણ દોડી આવ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મયુરસિંહ ઘરે મોડો આવતો હોવાથી દંપતિ વચ્ચે ઝઘડો થતો હતો. જયારે કામિનીબા ઉર્ફે કોમલ જીદ્દી સ્વભાવના હોવાનું જાણવા મળ્યું છે.પતિ મોડી રાતે ઘરે આવતા લાગી આવતા તેણે આપઘાત કર્યો હોવાનુ લાગી રહ્યું છે. સમગ્ર બનાવ અંગે વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષક ચલાલી રહ્યા છે.



સેક્ટર-૨૩ સ્થિત હેમ રેડીયોની ઓફિસના ફેન્સીંગ તાર કોઈ અજાણ્યા શખ્સોએ તોડી નાંખ્યા છે. આ શખ્સોએ ઘણુ નુકશાન પહોંચાડતા સરકારી સંસ્થાઓની સુરક્ષા સામે સવાલ ઉઠ્યા છે.

## ગીયોડ થી હરીપુરા માર્ગ પરથી બે બાઈકમાંથી ૯૦ કવાટર્ર મળ્યા

ગાંધીનગર, તા.૨૫

ગીયોડ થી હરીપુરા તરફ આવતા એપ્રોચ માર્ગ પરથી સીબીઝેડ બાઈક નં. જી.જે.૦૮.એ.ડી.-૭૮૮૫ અને જી.જે.૦૯.એ.જે.-૮૫૫૫ ના ગુપ્ત ખાનામાંથી સંતાડેલી ભારીતય બનાવટની વિદેશીદારુની કુલ ૯૦ બોટલ પોલીસે પકડી પાડી હતી. પોલીસે રૂ.૭૬૫૦ ની ૯૦ બોટલદારુ અને રૂ.૨૦ હજારની બે બાઈક મળી રૂ.૨૭,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. જયારે બાઈક પર દારુ લઈને નીકળેલા આરોપી ચંદ્રલાલ બુધ્ધદેવ નીનામા અને લાલચંદ કિશોરવેલા નીનામા ની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

## એલસીબી પોલીસે દહેગામથી ૩ જુગારી ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર એલસીબી પોલીસની ટીમ દહેગામમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન દહેગામ-નાંદોલ રોડ પર નાંદોલ ફાટક નજીક આવેલ નથ્થુ સૈયદની દરગાહ નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ભૈરવ ઉર્ફે મલઈ રમુભાઈ મારવાડી, દેવાભાઈ ગણેશભાઈ કાંસકીયા, અને રવિભાઈ વરદાનભાઈ દેવીપુજક ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ.૧૧,૩૦૦ અને મોબાઈલ ફોન નંગ-૧ કિ.૫ હજાર મળી કુલ રૂ.૧૬,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## સાદરા સંકુલમાં ગાંધીવિચાર અને જીવન શૈલી પારિતોષિક અંગે વાર્તાલાપ યોજાયો



ગાંધીનગર, તા. ૨૫

ગૂજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બી.એ., એમ.એ., પી.એચ.ડી. વિભાગના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલે ગાંધી વિચાર અને જીવનશૈલી પારિતોષિક અંગે વાર્તાલાપ કર્યો હતો. સંકુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદ્યાકીય શ્રેષ્ઠતાની સાથે સાથે ગાંધી વિચાર, સંપોષક જીવન શૈલી, ઉત્કૃષ્ટ જીવન મૂલ્યો તથા વ્યક્તિગત ગુણોની ખીલવણી અંગે આ પારિતોષિક વિદ્યાર્થીઓના ચારિત્ર્યવાન અને શક્તિસંપન્ન કાર્યકરો તૈયાર કરવા ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયમાં મદદરૂપ બનશે આ ઉપરાંત વાર્તાલાપમાં પારિતોષિક માટેની શ્રેણી પારિતોષિક નક્કી કરવાની પ્રક્રિયા, પારિતોષિક સંદર્ભે મૂલ્યંકનના સ્તંભો અંગે વિદ્યાર્થીઓને વાકેફ કરાયા. સભા સંચાલન અને આભારદર્શન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંએ કર્યુ હતું.

## સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય મહારાજનું અમેરિકા લીબર્ટી એરપોર્ટ ઉપર ઐતિહાસિક સ્વાગત

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ'' અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિ પ્રિયદાસ સ્વામી મહારાજ સંત મંડળ સહિત યુ.કે.થી અમેરિકા પધારતા નેવાર્ક લીબર્ટી એરપોર્ટ ઉપર યુ.એસ.એ સ્કોટીશ પાઈપ બેન્ડ, એરપોર્ટ ઓફિસરો, અધિકારી ઓ તેમજ હરિભકતોના મહેરામણ વચ્ચે હિન્દુ સનાતન ધર્મના શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય નું ઐતિહાસિક સ્વાગત કરવામાં આવ્યું હતું.



## શિહોલી મોટી થી જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

શિહોલી મોટી ગામે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહેલા પાંચ શખ્સોને રોકડ રૂ.૩૪,૧૬૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૪ મળી કુલ રૂ.૫૪, ૧૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સર્વેલન્સની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે શિહોલી મોટી ગામે ઈન્દીરાનગરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહેલા અશોકજી શનાજી ઠાકોર, ખોડાજી ભીખાજી ઠાકોર, જેણાજી ઉદાજી ઠાકોર, અજય રણછોડજી ઠાકોર અને મનોજ જશુજી ઠાકોર (તમામ રહે શિહોલી મોટી) ને પકડી પાડ્યા હતો. જયારે પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડ રૂ.૩૪,૧૬૦ તેમજ મોબાઈલ નંગ-૪ રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૫૪,૧૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.



સરગાસણ વિસ્તારમાં ઝેડ પ્લસથી આગળના વિસ્તારમાં પ્રમુખ હાર્મની પાસે છેલ્લા કેટલાય દિવસોથી ગટર ઉભરાઈ રહી છે. વિકાસ કાર્યોના નામે અહીં ચાલતા કામો સાવ આડેધડ કરાયા છે. જયાં ત્યાં ગમે તેમ ખાડા ખોદી દેવાતા અંડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રીક વાયરીંગ અને અંડર ગ્રાઉન્ડ ગટરોને ખુબ નુકશાન થયું હતું. કોન્ટ્રાકટરો કામ કરીને જતા રહે છે પરંતુ તેમણે ખોદેલા ખાડાઓના કારણે જે પાઈપલાઈન કે વાયરીંગને નુકશાન થયું છે તેનું રીપેરીંગ કરવામાં આવતું નથી. વસાહતીઓ હેરાન થયા કરે છે પરંતુ આ સમસ્યાઓ દિવસો સુધી ઉકેલાતી નથી. વસાહતીઓની રજૂઆતો બહેરા કાને અથડાય છે. છેલ્લા ઘણા સમયથી અહીં ઉભરાતી ગટરના કારણે ખુબ દુર્ગંધ તો ફેલાઈ જ છે સાથો સાથે જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધ્યો છે. રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે ત્યારે ગટરનું રીપેરીંગ ઝડપથી થાય તે જરૂરી છે.

# દીકરીઓના ભણતરમાં સમય અને શક્તિનું રોકાણ કરો : અવંતિકા સિંઘ

**શાહપુર, રતનપુર અને લવારપુર પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવ : મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘે તેજસ્વી વિદ્યાર્થીઓ અને દાતાઓનું સન્માન કર્યું : ત્રણેય શાળાઓનાં પ્રાંગણમાં વૃક્ષારોપણ**

ગાંધીનગર, તા. ૨૫

રાજયમાં ઉજવાઈ રહેલા કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના છેલ્લા દિવસે મુખ્યમંત્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે ગાંધીનગર જિલ્લાના ગિફ્ટ સિટીને અડીને આવેલા શાહપુર, રતનપુર અને લવારપુર ગામોની પ્રાથમિક શાળાઓમાં બાળકોને પ્રવેશ કરાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે પ્રાથમિક શાળાથી લઈને સિવિલ સર્વિસીસની પરીક્ષાઓ સુધી દીકરીઓ ભણવામાં અગ્રેસર છે. માતા-પિતાએ દીકરીઓના ભણતરમાં સમય અને શક્તિનું રોકાણ કરવું જોઈએ. ભવિષ્યમાં આ રોકાણ સૌથી વધુ અને સારું વળતર આપશે. કન્યા કેળવણી માટે વાલીઓને પ્રોત્સાહિત કરતા શ્રીમતી અવંતિકા સિંઘે કહ્યું હતું કે સામાજિક કે કૌટુંબિક કારણોસર દીકરીઓનો અભ્યાસ અધૂરો ન રહી જાય એ જોવાની જવાબદારી સમગ્ર સમાજની છે. માહિતી અને પ્રસારણ સચિવ શ્રીમતી અવંતિકા સિંઘે છેલ્લા દિવસે આદર્શ પ્રાથમિક શાળા, શાહપુરથી પ્રવેશોત્સવની શરૂઆત કરાવી હતી. શ્રીમતી અવંતિકા સિંઘે કહ્યું હતુ કે જે ગામમાં ગ્રામજનો પ્રાથમિક શાળાના વિકાસમાં યોગદાન આપે છે, એ શાળાના બાળકોનું ઘડતર ઘણું સારું થાય છે. વાલીઓએ પણ જીવનની વ્યવસ્થામાંથી સમય કાઢીને બાળકોના અભ્યાસમાં રસ લેવો જોઈએ. વાલીઓ રસ લેશે તો બાળકોને પ્રેરણા મળશે. તેમણે શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ અને ગામના દાતાઓનું બહુમાન કર્યું હતું. શ્રીમતી અવંતિકા સિંઘે શાળાના પટાંગણમાં બોરસલ્લીનો છોડ વાવ્યો હતો. ગિફ્ટ સિટીને અડીને આવેલા રતનપુરની પ્રાથમિક શાળામાં શ્રીમતી અવંતિકા સિંઘે ૨૦ બાળકોને ધોરણ-૧માં આવકાર્યા હતા. તેમણે કહ્યું હતું કે કોરોનાના કપરા કાળમાં પણ રાજ્ય સરકારના અથાગ પ્રયત્નોથી બાળકોનું શિક્ષણ બગડ્યું ન હતું. પ્રાથમિક શિક્ષણ એ પાયો છે, એ મજબૂત હશે તો જ આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી પછી દેશ સાચા અર્થમાં પ્રગતિ કરશે. તેમણે બાળકો માટે શૈક્ષણિક પ્રવાસોનું આયોજન કરવા શિક્ષકોને અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે બાળકોને અભ્યાસમાં રસ પડે તેવા પ્રકારે ભણાવવા જોઈએ.ગો-ધાર્મિક વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા રતનપુર પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર લેબ અને લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ફાઉન્ડેશનને શાહપુર પ્રાથમિક શાળામાં પણ લાયબ્રેરી અને કોમ્પ્યુટર લેબ બનાવી આપ્યા છે. આ માટે શ્રીમતી અવંતિકા સિંઘે આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.




એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રથમીક શાળાના ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય અને વૃક્ષોનું મહત્વ સમજે તે હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ માટે પ્રોત્સાહિત કર્યા હતા. જેથી વિદ્યાર્થીઓ આ પ્રવૃતિમાં ઉત્સાહ પૂર્વક જોડાયા હતાં અને વાલીઓએ પણ સારો સહકાર આપ્યો હતો.

# શાળા પ્રવેશોત્સવના અંતિમ દિને મુખ્ય સચિવના હસ્તે બાળકોની પ્રવેશવિધી સંપન્ન

ગાંધીનગર, તા. ૨૫

વિદ્યાર્થીના મનમાં શિક્ષક પ્રત્યે આદર-સન્માનની ભાવના પેદા થવી ખૂબ જરૂરી છે. ત્યારે જ શિક્ષક તરીકે આપનું જીવન સાચા અર્થમાં સાર્થક થશે તેવું આજરોજ કોબા ખાતે શાળા પ્રવેશોત્સવમાં રાજયના મુખ્ય સચિવ પંકજકુમારે જણાવ્યું હતું. કોબા પ્રાથમિક શાળાના મોટા ભાગના વિદ્યાર્થીઓએ શિક્ષક બનવાની ઈચ્છા વ્યક્ત કરી તે વાતનો મુખ્ય સચિવ પંકજકુમારે આનંદ વ્યક્ત કરીને ઉમેર્યું હતું કે આ વાત શાળાના શિક્ષકો બાળકો માટે આર્દશ છે. તેમણે સ્માર્ટ શાળા બનાવવા માટે શિક્ષકોને સ્માર્ટ બનવું પડશે, તેવું કહી ટીચિંગથી લર્નિંગનો સમય આવી ગયો હોવાનું જણાવ્યું હતું. તેમણે અઘરા વિષયોને સરળ બનાવવા માટે શિક્ષકોને વિદ્યાર્થીઓ વચ્ચે ડિબેટનું આયોજન કેવી રીતે કરવી તેની દૃષ્ટાંતપૂર્વક વાત કરી હતી. આ થકી વિદ્યાર્થીઓમાં વિષયની સમજ વધુ આવશે અને જ્ઞાનમાં વધારો થશે, તેવો દ્દઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. 'વ્યસન' વિષય પર શાળાની વિદ્યાર્થીના વકતવ્ય પર વાત કરતાં મુખ્ય સચિવે જણાવ્યું હતું કે આજના સમયમાં દારૂ, તમાકુ સાથે દીકરીના કહ્યા મુજબ મોબાઈલ પણ વ્યસન બની ગયું છે. આ વ્યસનને જોવાનો દ્દષ્ટિકોણ વિદ્યાર્થીનીમાં આવ્યો તે વાત બદલ શાળાના શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે શાળાના બાળકોને શાળામાં કયા કયા વૃક્ષો કેમ વાવવા જોઈએ ? તે અંગેનો પ્રશ્ન કર્યો હતો. જેના પ્રતિઉત્તરમાં વિદ્યાર્થીઓ દ્વારા લીમડો અને પીપળો વાવવો જોઈએ, તેનું ઉમદા કારણ આપતાં વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. કોબા ગામમાં દાતાઓના દાનના પ્રવાહને જોઈને મુખ્ય સચિવે સર્વે દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. અમિયાપુરા ગામની પ્રાથમિક શાળામાં મુખ્ય સચિવ પંકજકુમારે જણાવ્યું હતું કે ઈચ્છાને સંકલ્પમાં પરિવર્તિત કરો, પછી સંકલ્પ સિદ્ધિ બની જાય છે. તેમણે આંગણવાડીના બાળકોને પ્રાથમિક શાળામાં અને પોતાની મનગમતી કોઈપણ કૃતિ રજૂ કરે, તે વાતને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તાડી પાળી વધાવશે, તો બાળકોનો ઉત્સાહ વધશે. તેમજ પ્રાથમિક શાળાના બાળકોને આંગણવાડીમાં એક દિવસ સમગ્ર કાર્ય કરવાની જવાબદારી આપવી જોઈએ, આ બન્ને થકી બાળકો કેવી રીતે કેળવાશે, તેની વિસ્તૃત વાત કરી હતી. અમિયાપુરા ગામની દીકરી નંદિની નામની બી.કોમ. થયેલી અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી વિદ્યાર્થીનીએ શાળા માટે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. નંદિનીએ તેની વાતમાં ગ્રામજનોને નમ્રભાવે અપીલ કરી હતી કે દરેક સમાજે તેમની દીકરીઓને ભણાવી જોઈએ. નંદિની વાતને રાજયના મુખ્ય સચિવે પણ વધાવી લીધી હતી.